# મુખ્યમંત્રી તરીકે મોદી રાજીનામુ આપે : રાજ ઠાકરે

**મોદીના નજીકના મિત્રના જ આકરા પ્રહારોથી ભારે આશ્ચર્ય : મુંબઈની મહાગર્જના રેલીમાં મોદીએ શિવાજીના નામનો ઉલ્લેખ નહીં કરતા રાજને વિરોધ કરવા ફરજ : માત્ર ગુજરાતના વિકાસની વાત ન કરવા સલાહ**



નાસિક, તા.૯

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજઠાકરેએ એકાએક ગુલાટ મારીને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા છે સાથે સાથે ગુજરાતના મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપવાની સલાહ પણ આપી છે. નાસિકમાં રાજ ઠાકરેના નિવેદનથી તમામને આશ્ચર્ય થયુ છે કારણ કે રાજ ઠાકરે મોટા ભાગે મોદીના મોટા પ્રશંસક રહ્યા છે. રાજ ઠાકરેએ નિવેદનમાં કહ્યુ હતુ કે મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે ભાજપે જાહેર કર્યા છે ત્યારે મોદીએ મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપી દેવું જોઈએ. નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી પદે શપથના કાર્યક્રમમાં ઉપસ્થિત થયેલા રાજ ઠાકરેએ હંમેશા મોદીની પ્રશંસા કરતા રહ્યા છે. પરંતુ આ વખતે રાજ ઠાકરે પોતાના નજીકના મિત્ર અને ગુજરાતના મુખ્યમંત્રી મોદી પર પ્રહારો કર્યા છે. રાજ ઠાકરેએ કહ્યુ છે કે મોદી જ્યારે વડાપ્રધાન પદના ઉમેદવાર બની ગયા છે ત્યારે મુખ્યમંત્રી પદ છોડી દેવું જોઈએ. રાજ ઠાકરેએ અંહીં સુધી કહ્યુ હતુ કે મોદી માત્ર ગુજરાતના વિકાસની

વાતો કરે છે. ગુજરાતના સમાજની વાત કરે છે. મોદી દેશની વાત કેમ કરતા નથી. રાજે કહ્યુ હતુ કે પીએમ દેશના હોવા જોઈએ કોઈ રાજ્યના નહીં. મોદીએ હમેશા દેશની વાત કરવી જોઈએ માત્ર ગુજરાતની નહીં. મુંબઈમાં મોદીના ભાષણથી નારાજ થયેલા રાજે કહ્યુ હતુ કે મુંબઈમાં આવીને ગુજરાતના સમાજની વાતો કરવી યોગ્ય નથી. આજે પણ મહારાષ્ટ્ર નંબર વન છે. મોદી મુંબઈમાં આવીનો વલ્લભભાઈ પટેલની વાત કરે છે. મોદીને શિવાજી મહારાજની વાત કરવી જોઈએ. જો કે રાજ ઠાકરેએ કહ્યુ હતુ કે નરેન્દ્ર મોદી જ સારા ઉમેદવાર છે. ગુજરાતને વિકાસની ઉંચાઈ પર લઈ જવામાં તેમની ભૂમિકા રહેલી છે. પરંતુ મોદીએ દેશની વાત કરવી જોઈએ. નરેન્દ્ર મોદી સામે યુ ટર્ન લેવા પાછળ રાજકીય નિષ્ણાંતો રાજ ઠાકરેના અંગત કારણો ગણાવી રહ્યા છે. હકીકતમાં મોદીએ તાજેતરમાં મુંબઈમાં પોતાની રેલીમાં ગુજરાતના વિકાસની પ્રશંસા કરી હતી અને ગુજરાતને નંબરવન તરીકે ગણાવીને મહારાષ્ટ્રની પરોક્ષરીતે ટીકા કરી હતી. મોદીએ વલ્લભભાઈ પટેલના નામનો ઉલ્લેખ કર્યો હતો પરંતુ શિવાજીના નામનો ઉલ્લેખ કર્યો નહતો. રાજઠાકરેના આ નિવેદનને ખૂબજ કઠોર તરીકે ગણવામાં આવે છે. રાજ અને મોદી વચ્ચે ખુબ સારા સંબંધ રહ્યા છે. થોડાક દિવસ પહેલા રાજ મોદીને મળવા માટે અમદાવાદ પહોંચ્યા હતા. બીજીબાજુ ભાજપે કહ્યુ છે કે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેઓએ રાજીનામુ આપવું જોઈએ કે કેમ તે અંગે મોદી પોતે જ નિર્ણય કરશે.

# લોકસભાની ચૂંટણી બાદ સારા દિવસો આવશે : મોદી

**દિલ્હીમાં પ્રવાસી ભારતીયોના સંમેલનમાં નરેન્દ્ર મોદી છવાઈ ગયા : વિકાસને લઈને રાજ્યોની વચ્ચે તીવ્ર સ્પર્ધા થઈ રહી છે જે ખૂબ સારા સંકેત સમાન છે : અર્થતંત્રને પાટા પર લાવવામાં મદદ મળશે : રાજ્યો ઉપર નજર**

નવી દિલ્હી,તા. ૯

ગુજરાતના મુખ્યપ્રધાન અને



ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે સારા દિવસો હવે બેથી ચાર મહિનામાં જ આવશે. પ્રવાસી ભારતીયોના સંમેલનમાં મોદીએ વિકાસને લઈને રાજ્યો વચ્ચે ગળાકાપ સ્પર્ધાને યોગ્ય ગણાવી હતી. પરંતુ સાથે સાથે વડાપ્રધાન ઉપર પણ કટાક્ષ કરવાની તક જવા દીધી ન હતી. સરદાર પટેલની પ્રતિમાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુ હતુ કે પટેલની પૂણ્યતિથિ પર રન ફોર યુનિટી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ જે સફળ રહ્યુ છે. તેમણે ઉમેર્યુ હતુ કે પટેલના કારણે જ આજે અમને ગીરના વન્ય વિસ્તારોમાં સિંહ જોવા મળી રહ્યા છે. જો પટેલ રહ્યા ન હતો તો ત્યાં જવા માટે પણ વિઝા લેવાની જરૂર પડી હોત. મોદીએ કહ્યુ હતુ કે દેશમાં વાતાવરણ બદલાઈ રહ્યુ છે. રાજ્યોમાં સકારાત્મક સ્પર્ધા ચાલી રહી છે. રાજ્યો વચ્ચે થઈ રહેલી સ્પર્ધાનું સ્વાગત થવું જોઈએ. રાજ્યો વચ્ચેની સ્પર્ધા દેશને વિકાસના પાટા પર ફરી લાવવામાં મદદરૂપ થશે. પહેલા અમારા દેશમાં માંદા રાજ્યોની વાત થતી હતી પરંતુ હવે

આવા રાજ્યોપણ વિકાસ કરવા લાગ્યા છે. તેમણે કહ્યું હતું કે તેઓ વડાપ્રધાનના મત સાથે સહમત છે. મોદીએ કહ્યું હતું કે દેશને આજે કેટલાક ક્ષેત્રોમાં નવા પગલા લેવાની જરૂર છે. ભારતમાં હવે ધ્યાન કેન્દ્રથી દુર હટીને રાજ્ય સરકારો પર કેન્દ્રિત થઈ રહ્યું છે. જે ખુબ સારા સંકેત સમાન છે. મોદીએ કહ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે ખેંચતાણના કારણે દેશને ભારે નુકસાન થઈ રહ્યું છે. દિલ્હીમાં પ્રવાસી ભારતીય દિવસના સંમેલનમાં બોલતા મોદીએ એનઆરઆઈને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસો કર્યા હતા. તેમણે ખાતરી આપી હતી કે ભારત મજબુતી સાથે આગળ વધશે. કોઈ મામલે બાંધછોડ કરશે નહી. મોદીએ કહ્યું હતું કે વર્ષ ૨૦૨૨માં ભારત એક વિકસિત દેશ તરીકે બને તેમ તેઓ ઈચ્છે છે. પ્રવાસી ભારતીય દિવસ એક ફ્લેગશીપ વાર્ષિક કાર્યક્રમ છે. જેમાં વિશ્વભરના એનઆરઆઈ લોકો જોડાય છે. સાતમી જાન્યુઆરીથી આની શરૂઆત થઈ હતી. ત્રણ દિવસના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં એનઆરઆઈ લોકો જોડાયા છે. મોદીએ કહ્યું હતું કે એનઆરઆઈ લોકોએ માત્ર ડોલર અને પાઉન્ડ પર જ ભાર મુકવો જોઈએ નહી બલ્કે તેમના અનુભવનો લાભ દેશને યોગ્ય દિશા આપવા માટે પણ કરવો જોઈએ. મોદીએ કહ્યું હતું કે જ્યારે અમે એનઆરઆઈની વાત કરીએ છીએ ત્યારે અમારા મનમાં તરત જ ડોલર અને પાઉન્ડની વાત આવી જાય છે. મોદીએ કહ્યું હતું કે તેઓ અલગ વર્ક કલ્ચર ધરાવે છે. મોદીએ કેન્દ્ર સરકાર પર તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે એનઆરાઈ હવે સીધી રીતે રાજ્ય સરકારો સાથે કામ કરવા માંગે છે. મોદીએ વડાપ્રધાનના મત સાથે સંમતિ દર્શાવી હતી.મોદીએ સરદાર વલ્લભ ભાઈ પટેલની પ્રતિમા નિર્માણની વાત કરી હતી અને કહ્યું હતું કે ભાવિ પેઢીઓ દેશને તેમના યોગદાનને યાદ રાખે તે માટે આનુ નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

## ભારતના હિત માટે મોદીને વડાપ્રધાન બનાવવા જરૂરી

**મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહનો મત : જ્યાં સુધી કેન્દ્રમાં યુપીએ સરકાર રહેશે ત્યાં સુધી ભાજપ શાસિત રાજ્યોની સાથે પક્ષપાત : શિવરાજસિંહનો મત**

નવી દિલ્હી, તા.૯

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે પણ ગુજરાતના



મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ભારે પ્રશંસા કરી છે અને કહ્યુ છે કે દેશના હીત માટે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તે ખૂબ જરૂરી છે. શિવરાજસિંહ ચૌહાણને મોદીના ભાજપમાં હરીફ તરીકે ગણવામાં આવે છે પરંતુ શિવરાજસિંહ ચૌહાણનું કહેવું છે કે મોદી સાથે તેમની કોઈ સ્પર્ધા નથી. રાષ્ટ્રના હિતમાં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તે જરૂરી છે. ભોપાલમાં ભાજપની બે દિવસની રાજ્યકારોબારીની બેઠકના અંતમાં ચૌહાણે કહ્યુ હતુ કે મુખ્યમંત્રી તરીકે છેલ્લા આઠ વર્ષમાં યુપીએના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના કારણે તેમને પક્ષપાતનો સામનો કરવો પડ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા મધ્યપ્રદેશના

વિકાસ માટે જરૂરી ફંડને મંજુરી મળતી નથી. કેન્દ્ર સરકારે ૬૦૦૦ કરોડમાં માર્ગના નિર્માણ માટે ફંડની રકમ પણ ઘટાડી દીધી છે. જ્યાં સુધી કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકાર કેન્દ્રમાં રહેશે ત્યા સુધી રાજ્યને ન્યાય મળશે નહીં. ભાજપ શાસિત રાજ્યોમાં ન્યાય મેળવવા માટે કેન્દ્રમાં ભાજપની સરકાર જરૂરી છે. નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવામાં આવે તે જરૂરી છે. દેશને બચાવવા મોદી વડાપ્રધાન બને તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. રાજ્ય ભાજપ ૧૬મી જાન્યુઆરીથી લોકસભા ચૂંટણીની કવાયત શરૂ કરશે. ગુજરાતના મુખ્યમંત્રી માટે મત આપવા તેઓ રજુઆત કરશે.

# દેવયાનીને ફટકો : સુનાવણીની તારીખ લંબાવવા સ્પષ્ટ ઈન્કાર

**દેવયાની મામલે અમેરિકા આક્રમક મુડમાં : ભારતના તીવ્ર દબાણ હોવા છતાં અમેરિકા પોતાની રીતે આગળ વધવા તૈયાર: દેવયાનીની મુશ્કેલીમાં વધારો થયો**

ન્યૂયોર્ક,તા. ૯

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં અમેરિકાએ ભારતીય મહિલા ડિપલોમેટ દેવયાની ખોબરાગઢેની તેમની સામેની ૧૩મી જાન્યુઆરીની સુનાવણીની



તારીખને લંબાવવાની માંગ કરી દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી છે. જેથી દેવયાનીને મોટો ફટકો પડ્યો છે. સધર્ન ડિસ્ટ્રીક્ટ ઓફ ન્યૂયોર્કના મેજિસ્ટ્રેટ સારા નેટબર્ગને કહ્યુ છે કે તારીખને આગળ વધારવાથી કોઈ મતલબ નથી. વિઝા છેતરપિંડી મામલાને ઉકેલવા પોતાની અને સરકાર વચ્ચે મંત્રણાને લઈને રાહતની ગણતરી છે પરંતુ આ રાહત આપવામાં આવશે નહીં. નેટબર્ગને એમ પણ કહ્યુ હતુ કે આ સંદર્ભમાં કરવામાં આવેલી રજુઆત અયોગ્ય છે. નેટબર્ગને કહ્યુ હતુકે દેવયાનીની ૧૨મી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર જાન્યુઆરી ૨૦૧૪ સુધી સરકાર દ્વારા તેમની સામે આરોપો દાખલ કરવની બાબત જરૂરી છે. દેવયાની વિઝા છેતરપિડીના મામલે તપાસનો સામનો કરી રહ્યા છે. ૧૩મીના દિવસે તેમની સામે આક્ષેપો કરવામાં આવનાર છે. બીજી બાજુ દેવયાનીના વકીલે કહ્યું છે કે હવે અન્ય વિકલ્પો પર વિચારણા કરવામાં આવશે. ત્રણ પાનાના જજના આદેશ બાદ દેવયાનીને કોર્ટમાં હાજર રહેવાની જરૂર પડશે. ૧૩મી જાન્યુઆરીના દિવસે તેમની સામે આરોપો દાખલ કરવામાં આવશે. એક વિકલ્પ કોર્ટમાં વધુ એક એરજી દાખલ કરીને પ્રાથમિક સુનાવણીની તારીખને લંબાવવાની માંગ કરવાનો છે. ૩૯ વર્ષીય દેવયાનીના મામલે અમેરિકા અને ભારત સામ સામે આવેલા છે. જો કે અમેરિકા તેના વલણને હળવા કરવાના મુડમાં નથી. અત્રે ઉલ્લેખનીય છે કે દેવયાનીની અમેરિકામાં વસ્ત્રો ઉતારીને ચકાસણી કરવામાં આવી હતી. જેની સામે ભારતે હોબાળો મચાવ્યો હતો.

# ટેક્સ ચોરના નામ જાહેર કરવા સ્વીત્ઝર્લેન્ડ પર ભારતનું દબાણ

**ચૂંટણીના ભાગરૂપે યુપીએ સરકારનુ તીવ્ર દબાણ : કાળા નાણાના મામલે વિરોધ પક્ષના આકરા પ્રહારો બાદ હવે નાણાપ્રધાન ચિદમ્બરમે પત્ર લખી તીવ્ર દબાણ વધાર્યુ**

નવી દિલ્હી,તા. ૯

લોકસભાની ચૂંટણી પહેલા ભાજપ સહિતના વિરોધ પક્ષોએ કાળા નાણાંને લઈને ભારે હોબાળો મચાવી દીધા બાદ યુપીએ સરકારે પણ સક્રિય થઈને સ્વીત્ઝર્લેન્ડ સરકાર પર ટેક્સ ચોરોના નામ જાહેર કરવા તીવ્ર દબાણ લાવી દીધુ છે. ભારતના કાળા નાણાંની હિટલિસ્ટમાં સાયપ્રસ બાદ સ્વીત્ઝર્લેન્ડનુ નામ પણ આવ્યું છે. ભારતે સરકારે હવે અહીંના ટેક્સ ચોરો અને બેક ખાંતા ધારકોના નામની યાદી આપવા સ્વીત્ઝર્લેન્ડ સરકાર પર દબાણ વધારી દીધુ છે. ભારતને આ મામલે આગામી કેટલાક દિવસોમાં મોટી સફળતા મળી શકે છે. ભારત સરકારની તીવ્ર રજૂઆત છતાં હજુ સુધી આ દેશમાં બેકિંગ સત્તાવાળાઓ તરફથી ભારતને મદદ મળી રહી નથી.

પ્રાપ્ત અહેવાલ મુજબ નાણાં પ્રધાન પી.ચિદમ્બરમે હવે તેમના સ્વીત્ઝર્લેન્ડના સમકક્ષને પત્ર લખીને રજૂઆત કરી છે. નાણાં મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે આ મામલો જોરદાર રીતે સ્વીસ સત્તાવાળાઓ સમક્ષ ઉઠાવવામાં આવ્યો છે. તેમના તરફથી જવાબ મળ્યા બાદ ભાવિ રણનિતી નક્કી કરવામાં આવશે. સ્વીસ નેશનલ બેંકના આંકડા મુજબ વર્ષ ૨૦૧૨ના અંત સુધીમાં ભારતીય લોકોના સ્વીસ બેંકમાં ૯૦૦૦ કરોડ રૂપિયા અથવા તો ૧.૩૪ અબજ ફ્રેન્કની રકમ જમા હતી. આમાં એવી રકમનો સમાવેશ કરવામાં આવ્યો નથી જે રકમ બીજાના નામ પર અથવા તો ટ્રસ્ટ પર ત્યાં જમા કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૧માં આ રકમ બે અબજ સ્વીસ ફ્રેન્ક હતી. અલબત્ત ભારતમાં કાળા નાણાના મામલે લોકોમાં વ્યાપક નારાજગી છે. લોકો ભ્રષ્ટાચાર સામે જંગ લડી રહ્યા છે. સરકારે સ્વીસ સરકાર સાથે ટેક્સ સમજુતીમાં કેટલાક ફેરફાર કર્યા છે. સમજુતી હેઠળ લેવડદેવડ પણ આવે છે. હાલમાં કાળા નાણાં સામે દેશભરમાં ઝુબેંશ ચાલી રહી છે. કાળા નાણાંનો ઉપયોગ ત્રાસવાદી ગતિવિધી માટે પણ કરવામાં આવે છે. સરકાર દ્વારા કઠોર હિલચાલ હાથ ધરવામાં આવ્યા બાદ માહિતી મળી શકે છે.

# સોશિયલ મિડિયા : ભાજપની જવાબદારી જેટલીએ સંભાળી

**મતદારોનો સીધો સંપર્ક કરવાની તૈયારી શરૂ : જેટલી હાલમાં ફેસબુક પર લેખ લખી રહ્યા છે પણ હવે પાર્ટીના સોશિયલ મિડિયા અભિયાન ઉપર નજર રાખશે**

નવી દિલ્હી,તા. ૯

દિલ્હીમાં આમ આદમીની જોરદાર સફળતા બાદ તમામ રાજકીય પક્ષો મતદારો સુધી પહોંચવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે. શહેરી યુવા મતદારો સુધી પહોંચવા માટે સોશિયલ મિડિયાનો હવે સૌથી વધારે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ભાજપ હવે એવા તમામ માર્ગોને અપનાવવા માટે પ્રયાસ કરી રહી છે જેના દ્વારા સીધી રીતે દેશના મતદારોનો સંપર્ક કરી શકાય. આ જ દિશામાં ાગળ વધીને હવે ભાજપે સોશિયલ મિડિયા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સોશિયલ મિડિયાની જવાબદારી પક્ષના વરિષ્ઠ નેતા અરૂણ જેટલીને સોંપવામાં આવી છે. અલબત્ત જેટલી હાલમાં ફેસબુક પર લેખ લખી રહ્યા છે પરંતુ તેઓહવે ભાજપની સોશિયલ મિડિયા ઝુંબેશ પર પણ

નજર રાખશે. ભાજપના સુત્રોએ કહ્યું છે કે પાર્ટીના વડામથક પર જે રૂમમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન વોરરૂમની રચના કરવામાં આવી હતી તે રૂમમાં હવે આ અભિયાન માટેની તૈયારી ચાલશે. મહત્વપૂર્ણ બાબત એ છે કે અહીંથી પક્ષના વલણને કઈ રીતે રજૂ કરવામાં આવશે. જો કે તમામ પાસા પર ચર્ચા ચાલી રહી છે. ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પહેલાથી જ સોશિયલ મિડિયા પર છવાયેલા છે અને પાર્ટીની પહેલાથી જ આઈટી સેલ સક્રિય છે પરંતુ હવે વધારે અસરકારક રીતે કામગીરી કરવા માટેની તૈયારી ચાલી રહી છે. પક્ષના દિગ્ગજ નેતા અરૂણ જેટલીને આ જવાબદારી સોંપવામાં આવ્યા બાદ હવે વધારે મતદારો સુધી પહોંચવાના ઝડપી પ્રયાસો કરવામાં આવશે. પક્ષના સુત્રોએ કહ્યું છે કે દિલ્હીમાં ભાજપને સત્તા મેળવવાથી રોકનાર આમ ાદમી પાર્ટી પણ સોશિયલ મિડિયાનો વ્યાપક ઉપયોગ કરે છે. પાર્ટીને લાગે છે કે કોંગ્રેસ તો પાછળ છે પરંતુ આમ આદમી પાર્ટીની અસર ખુબ વધારે દેખાઈ રહી છે. આવી સ્થિતીમાં ભાજપના વ્યુહરચનાકારો માની રહ્યા છે કે પક્ષની સ્થિતીને સોશિયલ મિડિયા પર વધારે મજબુત કરવામાં આવે તે જરૂરી છે. સોશિયલ મિડિયા મારફતે ભાજપને ચર્ચામાં રાખવા અને ક્યા ક્યા મુદ્દે રજૂઆત કરવામાં આવે તે અંગે નિર્ણય થશે

# ડિઝલ, ગેસ અને કેરોસીનમાં તીવ્ર વધારો ઝીંકવા ભલામણ

**બલ્ક ડિઝલની કિંમતમાં ભાવ વધારો આંશિક પરત ખેંચાશે : કિરિટ પારિખ પેનલના સૂચનોને ટૂંકમાં જ કેબિનેટ સમક્ષ હાથ ધરાશે : બલ્ક ડિઝલ ઉપર રાહત આપવા હિલચાલ : ક્રૂડ ઓઈલ કિંમત પર નજર કેન્દ્રિત**

નવી દિલ્હી, તા.૯

યુપીએ સરકાર કિરિટ પારિખ પેનલ દ્વારા કેરોસીન, ડિઝલ અને એલપીજી સિલિન્ડરની કિંમતમાં તીવ્ર વધારો કરવાની દરખાસ્તને ટૂંક સમયમાં જ હાથ ધરે તેવી શક્યતા છે. ડિઝલની કિંમતમાં મોટા ડોઝની ભલામણ પણ કિરિટ પારિખ પેનલ દ્વારા કરવામાં આવી છે. જો કે કેબિનેટ ક્યારેય આ સૂચનોને હાથ ધરશે તે અંગે કોઈ ખુલાસો કરાયો નથી. પારિખ પેનલે ડિઝલમાં લીટરદીઠ રૂપિયા પાંચ, ગેસ સિલિન્ડરમાં સિલિન્ડરદીઠ ૨૫૦ રૂપિયા અને કેરોસીનની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ચારનો તાત્કાલિક વધારો ઝીંકવાની ભલામણ કરી છે જો કે હાલમાં તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને રાહત આપવાની તૈયારી સરકારે કરી લીધી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ડિઝલની કિંમતમાં ભાવ વધારો આંશિકરીતે પરત ખેંચવાની તૈયારી ચાલી રહી છે. પેટ્રોલિમય સચિવ વિવેકરાયે આજે આ મુજબની માહિતી આપી હતી. તેમણે આ અહેવાલને સમર્થન આપતા કહ્યુ હતુ કે માસિકરીતે ડિઝલની કિમતમાં વધુ વધારો ઝીંકવા માટેની

કિરિટ પારિખ પેનલ દ્વારા કરવામાં આવેલી ભલામણોને કેબિનેટ સમક્ષ હાથ ધરવામાં આવશે. સરકારે ગયા વર્ષે બલ્ક અને રિટેલરો માટે બેવડી ભાવ વ્યવસ્થાને લાગુ કરી હતી ત્યારબાદથી બલ્ક ડિઝલના વેચાણમાં ઘટાડો થયો છે. બલ્ક ડિઝલનું વેચાણ ૧૮ ટકાથી ઘટીને ૧૦ ટકા થયુ હતુ. તાજેતરમાં તમામ રાજ્યોના પરિવહનમાં મોટા પ્રમાણમાં ડિઝલનો ઉપયોગ કરવામાં આવે છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ડિઝલની કિંમતમાં માસિકરીતે વધુ વધારો ઝીકવાની વિચારણા કરવામાં આવી શકે છે પરંતુ હાલમાં બલ્ક ડિઝલની કિંમતમાં ભાવ વધારો આંશિકરીતે પરત ખેંચવા તૈયારી ચાલી રહી છે. મુખ્ય ધ્યાન ક્રૂડ ઓઈલની કિંમત પર આપવામાં આવી રહ્યુ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમતમાં ફેરફાર થઈ રહ્યા છે. પેનલે ડિઝલની કિંમતમાં પાંચ રૂપિયાનો વધારો કરવા તથા ગેસની કિંમતમાં ૨૫૦ રૂપિયાનો વધારો કરવાની રજુઆત કરી છે જયારે કેરોસીનની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ચારનો વધારો કરવાની વાત કરી છે. કેબિનેટ સમક્ષ આ તમામ દરખાસ્તો રજુ કરવામાં આવનાર છે. પારિખ કમિટીએ સબસીડીમાં અપસ્ટ્રીમ માટે સ્લેબ આધારિત ફોરમ્યુલાનું સૂચન કર્યુ છે.

## સમાચાર ઝલક

- ખંડણી ઉઘરાવનાર આણંદથી ઝડપાયો : ટ્રાન્સપોર્ટરો પાસેથી ખંડણી મેળવતો હતો.
- વર્લ્ડકપ ૨૦૨૨ માં ઉનાળામાં નહિ યોજાય.
- એન્જીનીયરીંગ કોલેજની માન્યતા માટે છેતરપીંડી આચરનાર લખનૌના સંસદસભ્યની ધરપકડનું વોરંટ.
- કચ્છ કાર્ટુનિષ્ટ કિરણ ધોળકીયાનું નિધન
- સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ યથાવત.
- અમેરિકામાં ૧૩૦ વર્ષની ઠંડીનો રેકોર્ડ તુટ્યો.
- ખોખરામાં દારૂ ભરેલી ટ્રક ઉથલી પડી.
- ઈસરો પાસે સ્કૂલ વાનમાં આગ લાગી, બાળકોનો બચાવ.
- કોલસા ખાણ વિતરણમાં કેન્દ્રની ભુલ સ્વિકારતા એટની જનરલ
- ખેડબ્રહ્મામાં કુટિર ઉદ્યોગ નામે ઉઘરાણું કરનાર ઝડપાયા.
- દેશમાં રહેવાલાયક શહેરોમાં અમદાવાદનો ૧૧મો ક્રમ.
- સી.બી.એસ.ઈ.ની પરીક્ષા ગુજરાતીમાં લેવાય તેવી શક્યતા.
- રાજકોટ ગંજીવાડામાં અથડામણમાં એકનું મોત પોલીસે બંદોબસ્ત ગોઠવ્યો.
- રાજકોટમાં બીમારીથી તંગ આવી જતાં પી.એસ.આઈ.એ આત્મહત્યા કરી.
- સાબરકાંઠા ચેકપોસ્ટ પર સેલ્સટેક્ષની ૫૦ ટીમોએ ટ્રકો રોકી.
- સોના ઉપર ૭૫ ટકા લોન આપવા માટે રીઝર્વબેંકની મંજુરી
- ૧૭ વર્ષ અગાઉના ભ્રષ્ટાચારના કેસમાં પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન કોર્ટમાં હાજર થયા.
- પંજાબ-હરિયાણામાં ૩૦૦૦ શિક્ષકોની ભરતી રદ કરતી હાઈકોર્ટ.